# દારૂના બે કેસમાં વોન્ટેડ પુન્દ્રાસણના બુટલેગર ઝડપાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર એલસીબીએ થોડા દિવસો અગાઉ દારૂ-બિયરનો જથ્થો પકડયો હતો તે ઉપરાંત પેથાપુર પોલીસે પણ દારૂનો જથ્થો પકડયો હતો. બંને ગુનામાં પુન્દ્રાસણના બુટલેગરના નામ ખુલ્યા હતાં. આજે પેથાપુર પોલીસે પુન્દ્રાસણના બંને બુટલેગરોની ધરપકડ કરી લીધી છે. કોર્ટમાં રજુ કરતાં બંનેના બે દિવસનાં રિમાન્ડ મંજુર કરાતા પોલીસે પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબીની ટીમે કોલવડા રોડ પરથી દારૂ-બિયરનો ૮૦ હજારનો જથ્થો પકડયો હતો જેમાં નરેશ રઈજી રાવલનું નામ ખુલ્યું હતું. ત્યારબાદ પેથાપુર પોલીસે મકાનમાં દરોડો પાડીને ૧ લાખનો દારૂ-બિયરનો જથ્થો પકડયો હતો તેમાં પણ પુન્દ્રાસણના નરેશ રઈજી રાવળ અને નિકુલ રઈજી રાવળના નામ ખુલ્યા હતાં. દારૂ-બિયરના બંને કેસમાં વોન્ટેડ બંને બુટલેગરોને પેથાપુર પીએસઆઈ એસ.જે. વાઘેલાએ પકડી પાડયા છે બંનેને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે જેને આધારે કેટલા સમયથી દારૂનો વેપલો કરતો હતો અને કયાંથી માલ મંગાવતો હતો તે સહિતની વિગતો બહાર લાવવા પુછપરછ શરુ કરવામાં આવી છે.

## પ્રથમ યુવા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર મહાનગર પાલિકા જિલ્લા કક્ષા વ્યાયામ મંડળ દ્વારા પ્રથમ જિલ્લા યુવા મહોત્સવ યોજવામાં આવશે. આગામી તા. ૧૨ નવેમ્બરના રોજ બુધવાર સવારે ૮.૩૦ વાગે સેકેટ્ર-૧૩ સ્થિત ઓમકાર વિદ્યાલય ખાતે યોજાશે. મહોત્સવમાં ગાંધીનગર શહેર પૂર્વ વિભાગ અને પશ્રિમ વિભાગની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ જોડાશે. સ્પર્ધકોને સમયસર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

# વિદ્યાર્થીઓના અભ્યાસ માટે જરૂરી સ્થળો પર જ પ્રવાસ

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા એક પરિપત્ર બહાર પાડીને બીચ, હિલસ્ટેશન અને ડિઝનીલેન્ડના ફની પ્રવાસને ગુડબાય કરીને માત્ર વિદ્યાર્થીઓના અભ્યાસ માટે જરૂરી હોય તેવા જ સ્થળોએ યોજવા માટે તમામ શાળાઓના આચાર્યોને સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત સીબીએસઈ દ્વારા શૈક્ષણિક સંસ્થાના વડા દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રવાસો વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ માટે જરૂરી હોવાની ખાતરી કરવા જણાવાયુંછે. આ ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ સૂચનામાં જણાવાયું છે કે, વિદ્યાર્થીઓને ડેમ સાઈટ્સ, પાવર પ્લાન્ટ અથવા બીચ જેવા જાહેર સ્થળોએ પ્રવાસ માટે લઈ જવા માટે આવે તો તેની જાણ જિલ્લા

### તમામ સંલગ્ન શાળાઓના આચાર્યોને પાઠવેલા પરિપત્રમાં પ્રવાસ માટે સુરક્ષા અંગે ૧૧ સૂચનોની યાદી જાહેર કરાઈ

સમગ્ર દેશમાં આવેલી તમામ સંલગ્ન શાળાઓના આચાર્યોને પાઠવેલ પરિપત્રમાં પ્રવાસ માટેની સુરક્ષા અંગે ૧૧ સૂચનોની યાદી જાહેર કરાઈ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગત જૂન મહિનામાં બિયાસ નદી પર ફરવા ગયેલા હૈદરાબાદના ૨૪ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ સાથે સર્જાયેલી કરુણાંતિકાના પગલે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન (સીબીએસઈ)ના અધિકારીઓ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ માટે નવી ગાઈડલાઈન તૈયાર કરવામાં આવી છે જેમાં પ્રવાસ સમયે વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે ૧૧ સૂચનો આપવામાં આવ્યા છે જેમાં કોઈપણ મેજિસ્ટ્રેટ અથવા અન્ય સત્તાવાળાઓને અગાઉથી જાણ કરીને તેની ખાતરી કરી લેવા જણાવાયુંછે. વિદેશ પ્રવાસો સંદર્ભે પણ સીબીએસઈ દ્વારા ચિંતા વ્યક્ત કરાઈ છે જેમાં પ્રવાસનો ખર્ચ અમુક જ પરિવાર ભોગવી શકતા હોવાની સર્જાતા ભેદભાવ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. પ્રવાસમાં વિદ્યાર્થીનીઓને પણ લઈ જવાય ત્યારે વરિષ્ઠ શિક્ષક સિવાય એક મહિલા શિક્ષકને પણ પ્રવાસમાં સાથે રાખાવાની સુચના અપાઈ છે તેમજ વિઝા પ્રક્રિયા અને ટ્રાવેલ ઈટીનરરી વિશે સર્જાતી સમસ્યા દરમિયાન વાલીઓને સાથે રાખી તેમની સહી ન વાંધા પ્રમાણપત્ર ઉપર લેવા માટે જણાવાયું છે.

## શબ્દાવલી - ૫૫૫૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ■ | |
| | ■ | ૮ | | | ■ | ૯ | |
| ■ | ૧૦ | | | | ■ | ૧૧ | |
| ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | ૧૬ | ■ | ■ | ૧૭ | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | | ■ |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | ૨૪ |

### આડી ચાવી

૧. પરિણામ (૩)
૩. ઇચ્છા, આકાંક્ષા (૪)
૬. બાણ (૨)
૭. એક પક્ષી (૩)
૮. તુચ્છ, શુદ્ર (૩)
૯. દૂધનો માવો (હિન્દીમાં)(૨)
૧૦. 'ચોખવટ' શબ્દ ઊંધોચત્તો (૪)
૧૧. બીક, ભય (૨)
૧૩. બાણ (૨)
૧૪. રાઇસ, કાચા ભાત (૨)
૧૫. દૂધ, મિલ્ક (૨)
૧૯. આંખની પૂતળી (૨)
૨૦. પરિચય (૪)
૨૨. વિમાનની દોડપટ્ટી (૩)
૨૩. એક છોડ કે તેના રેસા (૨)
૨૪. જનની, જનેતા (૧)

### ઊભી ચાવી

૧. અંતનું, છેડાનું (૩)
૨. જુવાર, અનાજ (૨)
૩. અભ્રક (૪)
૪. બરોબર જામેલું, ભરપુર(૨)
૫. આઇશ્રી...., ચારણ કુળના દેવી (૪)
૭. કામ કરવાની દાનત ના હોય તેવું (૪)
૮. રસીદ (૩)
૯. શારીરિક ખોડ (૫)
૧૨. છીંકણી (૪)
૧૬. વિશ્વાસ (૩)
૧૭. લોટા આકારનું પાત્ર (૩)
૨૧. કોલસા-ખનિજ વગેરેની... હોય (૨)

### શબ્દાવલી ૫૫૫૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) મજહબ (૪) ધગશ (૬) જુજ (૭) ડાફેરા (૯) વાઇસર (૧૨) અસવાર (૧૪) વલુવ (૧૫) ચલમ (૧૬) અસવાર (૧૭) કુખ (૧૯) રવાના (૨૧) ક્ષીણ (૨૨) રત

**ઊભી ચાવી :-** (૧) મજુર (૨) જજ (૩) બડાઇખોર (૪) ધરાર (૫) શપથ (૮) ફેસ (૧૦) હાંસલ (૧૧) કસુરવાર (૧૨) અચરજ (૧૩) વામકુક્ષી (૧૪) વખાર (૧૮) ખણ (૨૦) નાત



## ચિલોડામાં રાષ્ટ્રીય કાનૂની દિવસની ઉજવણી કરાઈ

તાલુકાના ચિલોડા મોટા ગામે રાષ્ટ્રીય કાનૂની દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાનૂનીસેવા સત્તા મંડળ દ્વારા વર્તમાન પ્રવાહમાં બનતી ઘટનાઓ ન બને તે માટેનીમાહિતી આપવામાં આવી હતી. ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામની ગ્રામ પંચાયત હોલમાં આજે રાષ્ટ્રીય કાનૂની દિવસની ઉજવણી નિમિત્તે શિબિર યોજવામાં આવી હતી. શિબિરમાં કાનૂની સેવા સત્તા મંડળના વોલેન્ટીયર્સ સ્વાતિબા રાઓલે કાયદા વિશેની વિસ્તૃતમાં માહિતી પુરી પાડી હતી. તેમણે હાલના સમયમાં બનતી ઘટનાઓની ચિંતા કરી હતી. છુટાછેડા મિલકત સંબંધિત ઝઘડાઓમાં લોક જાગૃતિ લાવી સમાધાનકારી વલણ અપનાવવા જણાવ્યું હતું. શિબિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતાં.

# શહેર વસાહત મહાસંઘનું સ્નેહમિલન યોજાયું

## અલગ અલગ સેકટરના ૪૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ અને અલગ અલગ સેકટરોના વસાહત મંડળ દ્વારા મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષ સ્થાને સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો.

દિવાળી બાદ નૂતન વર્ષની શુભકામનાઓ સાથે નવા વર્ષની શરૂઆત કરવામાં આવે છે. આવનારું નવું વર્ષ સૌ નગરજનો માટે લાભદાયી નિવડે તેવા શુભાશિષ અને શુભેચ્છાની આપ-લે કરવા શહેર વસાહત મહાસંઘનું સ્નેહમિલન યોજાયું હતું.

સેકટર-૪માં આવેલ જાહેર બગીચામાં ગઈ ૮મીના રોજ બપોરે ૪-૦૦ વાગે સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારોહના પ્રારંભે મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ સ્વાગત પ્રવચન કરી વસાહતીઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને સંસ્થાની કામગીરી પર પ્રકાશ પાડયો હતો.

સમારોહમાં ઉપસ્થિત ઉત્તર ગાંધીનગરના ધારાસભ્ય અશોક પટેલે જણાવ્યું હતું કે પ્રજાને પડતી મુશ્કેલીમાં હંમેશા તેમની પડખે ઉભો છું. નગરજનોને સતાવતી સમસ્યાઓનું સમાધાન કરવામાં આવશે તેમજ દેશને સ્વચ્છ બનાવવા સ્વચ્છ અભિયાનમાં નગરજનોને જોડાવા અપીલ કરી હતી.

મેયરે જણાવ્યું હતું કે શહેરને સુંદર બનાવવા માટે આપ સૌએ આગળ આવવું પડશે. આ પ્રસંગે તેમણે ભવિષ્યનું ગાંધીનગર કેવું હશે તેની માહિતી આપી હતી અને નાગરિકોને સરકારની યોજનાઓના લાભ લેવા જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં મનપા દ્વારા કચરો એકત્રિત કરવા ડોર ટુ ડોર કલેકશન કરવામાં આવે છે તેમાં સહયોગ આપવા ચેરમેન આશિષ દવેએ ભાર મુકયો હતો. સમારોહમાં ગાંધીનગરના અલગ અલગ સેકટરોના ૪૦ જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં ડાહ્યાભાઈ પટેલ, પોપટલાલ પ્રજાપતિ, રાજેન્દ્ર પારેખ, કે.ડી. પટેલ, કે.પી. સોલંકી, ડી.પી.સંઘાણી, એમ.યુ, કાગદી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વધુ બે પ્રધાનો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંસદ હતા. વલ્લભ કથિરીયા, કાશીરામ રાણા અને ભાવના ચિખલિયા પણ કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન પામી ચુકયા છે.

મોદી સરકારમાં વધુ ૨૧ સભ્યો જોડાતા કેબિનેટનું કદ ૪૫ થી વધીને ૬૬ થવા જાય છે. એવી આશા હતી કે કેબિનેટમાં અમદાવાદને સ્થાન મળશે પરંતુ મેટ્રો સિટીના એક પણ સાંસદનો સમાવેશ કેબિનેટમાં કરવામાં આવ્યો નથી. પાર્ટીના એક નેતાએ કહ્યું હતું કે મોદીએ આખા ગુજરાતને પ્રતિનિધિત્વ આપતો આ નિર્ણય કર્યો છે.

## વિધાનસભા સત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ સત્રમાં વૈદ્યાનિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સૌપ્રથમ ન્યાયાધીશોની નિમણુંક અંગે તાજેતરમાં સંસદે પસાર કરેલા સુધારા વિધેયકને બહાલી આપવામાં આવશે. આ પછી રાજ્ય સરકાર તરફથી રજુ થનારા સુધારા વિધેયકો પર ક્રમશઃ ચર્ચાનો દોર આરંભાશે. આ સત્રમાં વિપક્ષ આક્રમક વિપક્ષની ભૂમિકા નિભાવશે જેના કારણે આ સત્ર તોફાની બની રહે તેવી સંભાવના છે.

વિધાનસભાના બે દિવસના સત્ર દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ૬ જેટલા સરકારી વિધેયકો લાવવામાં આવનાર છે. જેમાં એક વિધેયક સ્થાનિક સ્વરાજ્યની પંચાયતોમાં પંચાયત ધારા સુધારા વિધેયક લાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત કૃષિ સુધારા વિષયક સહીતના કુલ ૬ જેટલા સરકારી વિધેયકો આ સત્રમાં સરકાર લાવશે.

વિપક્ષ કોંગ્રેસ દ્વારા બે દિવસના બદલે પાંચ દિવસનું સત્ર બોલાવવાની માંગણી કરવામાં આવી હતી, જો કે આ માંગણી સ્વીકારવામાં ન આવતા હવે વિપક્ષ બે દિવસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સહીતના પ્રશ્નોને મુખ્ય મુદ્દો બનાવીને આશ્ચર્યજનક કાર્યક્રમ આપી તેમજ આક્રમક વિપક્ષની ભૂમિકા ભજવી સરકારને ભીંસમાં લેવાનો પ્રયાસ કરશે. જેના કારણે આ સત્ર તોફાની બને તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

## કેસો નોંધાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પછી ડેન્ગ્યુની તપાસ કરતાં તે દર્દીઓ વાયરલ ફીવરના ભોગ બનેલા જણાયા છે. આ બધાની વચ્ચે છેલ્લા બે માસમાં ૫ થી ૭ જેટલા ડેન્ગ્યુ પોઝીટીવ કેસ આવ્યાનું પણ હોસ્પિટલના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

હવામાન સતત બદલાતુ રહેતુ હોવાને કારણે આ વખતે વાઈરલ ફિવરના દર્દીઓ પણ નોંધપાત્ર રહ્યાનું હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યુ છે.

દિવસે ગરમી અને રાત્રે જે રીતે ઠંડી પડી રહી છે તે મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ હોવાનું જણાયુ છે. તંત્ર દ્વારા એન્ટી લારવેલની કામગીરી સતત કરવામાં આવી રહી છે આમ છતાં શહેરના વિવિધ સેકટરોમાં છુટા છવાયા કેસો મેલેરિયાના નીકળી રહ્યા છે. તંત્રએ આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે હવે નવી વ્યૂહરચના તૈયાર કરવાની દિશામાં વિચારણા હાથ ધરી છે.

# ગુજરાતના હજારો વિદ્યાર્થીઓ અધવચ્ચે જ અભ્યાસ છોડે છે

## ભાજપ સરકાર-ખાનગી કોલેજ સંચાલકોની મિલીભગત જવાબદાર છે : પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાનો આક્ષેપ

અમદાવાદ, તા. ૯

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનિષ દોષીએ આજે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ઉંચી ફીના ધારાધોરણના પરિણામ સ્વરુપે મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને ઉચ્ચ શિક્ષણ છોડી દેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ભાજપ સરકાર અને ખાનગી કોલેજોના સંચાલકોની મિલીભગત હોવાનો તેમણે સીધો આક્ષેપ કર્યો હતો.

ગુજરાતની સેલ્ફ ફાયનાન્સ ઈજનેરી, ફાર્મસી, એમબીએ, એમસીએ સહિતની કોલેજો માટે ફી નિર્ધારણ સમિતિએ અતિ ઉંચી ફીના ધોરણો જાહેર કર્યા છે. ખાનગી કોલેજોના સંચાલકોએ મનફાવે તે રીતે ફીની માંગણી કરી રહ્યા છે આ ફીના ધારાધોરણો નિર્ધારણ સમિતિએ મોટાભાગે મંજુરીની મહોર મારી દીધી છે. ફીના ઉંચા ધોરણો જાહેર થતાં જ અનેક પરિવારોમાં આર્થિક સંકળામણ અને હાતાશાની સ્થિતિ ઉભી થઈ છે. ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ હોય કે પછી ઉચ્ચ શિક્ષણ તમામમાં ખાનગી કોલેજોને ભાજપ સરકારે વિદ્યાર્થીઓ-વાલીઓને લુટવાનો પીળો પરવાનો આપી દીધો છે જેના કારણે ખાનગી શૈક્ષણિક સંસ્થાના સંચાલકો વિદ્યાર્થી-વાલીઓ પાસેથી બેફામ ફી ઉઘરાવી રહ્યા છે. રાજ્ય સરકાર વિદ્યાર્થી-વાલીઓની ફરિયાદ સાંભળવા માટે વર્ષોથી કોઇ વ્યવસ્થા તંત્ર જવાબદારીથી ઉભું કર્યું નથી.

રાજયમાં શિક્ષણના વ્યાપારીકરણને ભાજપ સરકાર પ્રોત્સાહન આપી રહ્યું છે તેવો સીધો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને પૂર્વ સીન્ડીકેટ સભ્ય ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યની સેલ્ફ ફાયનાન્સ ઈજનેરી, ફાર્મસી, એમબીએ, એમસીએ કોલેજોમાં ફીના ધોરણો નક્કી કરનાર સમિતિમાં સંચાલકો, રાજ્ય સરકારના પ્રતિનિધિઓ છે પણ ઉંચા ફીના ધોરણોની જેમને સીધી અસર આવવાની છે તે વિદ્યાર્થી-વાલીઓને સાંભળવામાં આવ્યા નથી. ફી નિર્ધારણ સમિતિમાં વિદ્યાર્થી-વાલીઓના કોઈ પ્રતિનિધિ જ નથી. ખાનગી કોલેજોની ફીના માળખાની ગણતરીમાં લેવાયેલ આજદિન સુધીના દસ્તાવેજો પ્રસિદ્ધ ખરવામાં આવતા નથી. કઈ ખાનગી કોલેજોમાં કેટલા અધ્યાપકો કાર્યરત છે તેની વિગતો પણ પ્રસિદ્ધ કરવામાં આવતી નથી. કોલેજો અધ્યાપકો અને કર્મચારીઓને કેટલા પગાર ચુકવે છે અને કેવી રીતે ચુકવે છે તેની બાબતો પ્રસિદ્ધ કરવામાં આવતી નથી. કોલેજોમાં કયા કયા પ્રકારની સગવડો જેમ કે, લેબોરેટરી, લાયબ્રેરી, જીમખાના, હોસ્ટેલ જેવી સુવિધાઓ છે કે નહીં તે પણ જાહેર કરવામાં આવતી નથી તેમ છતાં ખાનગી કોલેજના સંચાલકો પોતાની મનસ્વી રીતે ફીની માંગણી કરે છે અને ફી નિર્ધારણ સમિતિ આ ફીના ધોરણોને મોટા ભાગે મંજુરીની મહોર મારે છે.

ગુજરાત સરકારની તિજોરીના ૨૦૦ કરોડથી ઉભી થયેલ પેટ્રોલિયમ યુનવર્સિટીમાં બે લાખ જેટલી ઉંચી ફી નક્કી કરવામાં આવે તે બાબત દર્શાવે છે કે, રાજ્ય સરકારની નીતિ માલેતુજારોના સંતાનોને જ ઉચ્ચ અભ્યાસ કરવાનો પરવાનો આપી રહી છે.

# શ્રીલંકા પર ભારતનો ફરી સરળ વિજય : શ્રેણી જીતી

## શ્રીલંકન ક્રિકેટ ટીમનો ફરીવાર ફલોપ શો : જયવર્ધનેની ભવ્ય સદી છતાં શ્રીલંકા ટીમ જંગી જુમલો ન ખડકી શકી

અમદાવાદ, તા. ૯

હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેદાન પર રમાયેલી પાંચ વનડે મેચોની શ્રેણીની ત્રીજી મેચમાં પણ ભારતે જીત મેળવીને શ્રેણી ૩-૦થી જીતી લીધી હતી. ભારત તરફથી આજે શિખર ધવન અને વિરાટ કોહલીએ શાનદાર બેટિંગ કરી હતી. બોલીવુડની અભિનેત્રી અને ગર્લફ્રેન્ડ અનુષ્કા શર્માની ઉપસ્થિતિમાં વિરાટ કોહલીએ કેપ્ટન ઈનિંગ્સ રમીને પોતાની ટીમને જીત અપાવી હતી. શ્રીલંકાની ટીમે આજે પણ કંગાળ દેખાવ કર્યો હતો અને ૪૮.૨ ઓવરમાં ૨૪૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. દિલશાને ૫૩ અને જયવર્ધનેએ ૧૧૮ રન કર્યા હતા. જીતવા માટેના ૨૪૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે સરળતાથી આ લક્ષ્ય પાર કરીને મેચ જીતી લીધી હતી. શ્રીલંકાના બોલરો ફરીવાર નિષ્ફળ રહ્યા હતા. આ મેદાન પર પ્રથમ મેચ ૧૬મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે રમાઈ હતી. જ્યારે આ મેદાન પર પ્રથમ ટેસ્ટ મેચ ૨૦૧૦મા રમાઈ હતી. નિયમિત કેપ્ટન ધોનીની ગેરહાજરીમાં વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ સતત ત્રીજી મેચ જીતી હતી. ધોનીને થોડાક દિવસ માટે આરામ આપવામાં આવ્યો છે. વેસ્ટ ઈન્ડિઝે હાલમાં અધવચ્ચે પ્રવાસને પડતો મુકતા તકલીફ ઉભી થઈ હતી. જેથી હવે તેની જગ્યાએ શ્રીલંકા ટીમને બોલાવવામાં આવી હતી. નાણાંકીય વિવાદ થતા વિન્ડીઝના ખેલાડી અધવચ્ચે ખસી ગયા હતા. જીતવા માટેના ૨૪૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે ૪૪.૧ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને આ મેચ જીતી લીધી હતી. સુરેશ રૈના ૧૮ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. વિરાટ કોહલી ઝડપથી ૫૩ રન બનાવીને આઉટ થયો હતો. ભારત તરફથી શિખર ધવને સૌથી વધુ ૯૧ રન બનાવ્યા હતા.

## ઓપરેશન થિયેટર તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્ય ઓપરેશન થિયેટરો માર્ચ સુધીમાં ઉપલબ્ધ બની જશે. પાંચમા માળે આવેલ બે ઓપરેશન થિયેટર પ્રથમ તબક્કામાં મળશે.

આ ઉપરાંત સાતમા અને ૮ મા મજલે નવા ચાર વોર્ડ મેડીસીન એન્ડ એલાઈઝ બ્રાન્ચના શરૂ કરી દેવામાં આવશે. આ માટેના જરૂરી હૂકમો કરી દેવામાં આવ્યા છે. આ વોર્ડની સાધન સામગ્રી આ સપ્તાહમાં આવી જશે અને એકાદ સપ્તાહમાં જ વોર્ડ કાર્યરત કરી દેવામાં આવશે. નવા સંકુલના ચાર વોર્ડમાં ૧૫૦ જેટલી પથારીની સુવિધાઓ હાલ ઉપલબ્ધ બનાવાશે.

ક્રમશઃ હોસ્પિટલનું આખુ સંકુલ માર્ચ-૨૦૧૫ સુધીમાં કાર્યરત થઈ જશે. બે ઓપરેશન થિયેટર આ પખવાડિયાના અંત સુધીમાં કાર્યરત કરવા માટેની દિશામાં તંત્રમાં હાલ કાર્યવાહી ચાલી રહી છે.

## વાંદરાઓનો આતંક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બહાર શાક સમારતી મહિલાઓના હાથમાંથી શાક લઈ જાય છે અને ઘરમાં ઘુસી ફળો, રોટલી અને બટાકા-ડુંગળી સુદ્ધાં ઉઠાવી જાય છે. ગૃહિણીઓ જો જરા પ્રતિકાર કરે તો વાંદરાઓ સામે થાય છે. નવા સેકટરોમાં આવેલી ગીચ ઝાડીઓમાં સાંજના સમયે વાંદરાઓના આ ટોળાં લપાઈ જાય છે અને સવાર પડતા જ ફરી આંતક મચાવવાનું ચાલુ કરી દે છે. વાંદરાઓ ઘરની બહાર પાર્ક કરેલા વાહનોને પણ ખુબ નુકશાન પહોચાડે છે. વાંદરાઓથી છુટકારો મેળવવા માટે વસાહતીઓએ સળગતા કાકડા, તારામંડળ અને ફટાકડાઓનો સહારો લઈ રહ્યા છે. ફટાકડાઓ ફોડવાથી વાંદરાઓ થોડોક સમય દૂર રહે છે. વાંદરાઓને પકડવાની અને તેનાથી છુટકારો મેળવવાની ગાંધીનગરમા કોઈ સુવિધા ઉપલબ્ધ ન હોવાથી હાલમાં તો વસાહતીઓ વાંદરાઓનો ત્રાસ ના છુટકે સહન કરી રહ્યા છે.

## ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમ છે. ભાજપમાં મોદી લોકપ્રિય છે તો કોંગ્રેસમાં પ્રિયંકા વધુ ફેવરીટ માનવામાં આવે છે. ગાંધી પરિવારને વરેલી કોંગ્રેસ જો અત્યાર થી જ તેની દિશા નક્કી નહી કરે તો એક પછી એક રાજયોમાં કોંગ્રેસની સત્તા સરકી જશે. આ પાર્ટીમાં બદલાવની ખૂબ આવશ્યકતા વર્તાઇ રહી છે. ભાજપે પરિવર્તન કર્યુ તો તેનું પરિણામ સામે છે, કોંગ્રેસમાં પણ જો પરિવર્તન થાય તો ભવિષ્યની ભિંત ઉપર પાર્ટીનો ઉભાર દેખાઇ રહ્યો છે. સત્તા કેટલી લાંબી હોય તે મહત્વનું નથી, સત્તામાં માર્કેટીગ કેવું છે તે આજના સમયની જરૂરીયાત છે. હિન્દી ફિલ્મની સ્ટોરીમાં દમ ન હોય પરંતુ તેનું માર્કેટીગ મજબૂત હોય તો ૧૦૦ કરોડની કલબમાં આવી શકે છે...

**બે વર્ષે બદલી કરો, સ્થિતિ સુધરી જશે ...**

વહીવટી તંત્રમાં બદલી એ રૂટીન પ્રોસેસ માનવામાં આવે છે પરંતુ એક ઓફિસરની બે કે ત્રણ વર્ષમાં બદલી કરવામાં આવે છે ત્યારે તેમાં એક શુભ હેતુ એ હોય છે કે ચલો, આ વિભાગમાં હવે ભ્રષ્ટાચાર ઓછો થશે. સામાન્યરીતે એવું જોવામાં આવ્યું છે કે એક જ વિભાગમાં વર્ષો સુધી કામ કરતા ઓફિસરની દાનત ઘણી વખત બગડતી હોય છે અને પછી શરૂ થાય છે ગંગોત્રી..!! ગુજરાત સરકારમાં બદલીનો ત્રણ વર્ષનો નિયમ છે પણ તેમાં એક વર્ષ ઓછું કરી માત્ર બે વર્ષ રાખવામાં આવે તો પરિસ્થિતિ ઘણી નિયંત્રિત બની શકે છે. કોઈ વ્યક્તિ કાયમી એક જ જગ્યાએ હોય ત્યારે તેના પરિણામ ખરાબ આવ્યાના દાખલા ગાંધીનગરમાં મોજૂદ છે...

**પ્રધાનનો વિભાગ કેમ બદલાતો નથી ...**

સચિવાલયમાં તાજેતરમાં બદલાયેલા એક ઓફિસરે એવું સૂચન કર્યુ હતું કે અમને ઓર્ડર આપનારા અમારા પ્રધાનને પણ બે કે ત્રણ વર્ષે બદલવા જોઈએ, કારણ કે મૌખિક હુકમોનું એપીસેન્ટર તો આ પ્રધાનોની ચેમ્બર હોય છે. રાજયના મુખ્યપ્રધાને વિભાગોના ઓફિસરોની સાથે નિશ્ચિત સમયે કેબિનેટના પ્રધાનોમાં પણ ફેરબદલ કરવો જરૂરી છે, જો તેમ થશે તો ઓફિસરની જેમ પ્રધાન પણ તમામ વિભાગોના જાણકાર બની જશે. ભ્રષ્ટાચારની ચેનલ બને તે પહેલાં જ તેને તોડવા માટે આમ કરવું જરૂરી છે. સ્વચ્છતા અભિયાન સરકારી કચેરીઓમાં પણ શરૂ કરવા જેવું છે...

**હવાઇ બિઝનેસમાં ભાડું કેટલુ હશે ...**

ટચૂકડાં વિમાનો ગુજરાતના શહેરોના આકાશમાં ઘૂમરાશે પણ કોઈ એરલાઈન્સે એવી ચોખવટ કરી નથી કે તેઓ અમદાવાદ થી રાજકોટ કે અમદાવાદ થી સુરતનું ભાડું કેટલું રાખશે. અમીરો ની સાથે મધ્યમવર્ગને પોસાય તેવું ભાડું હોય તો ટ્રાફિક મળશે નહી તો કંપનીએ તેની એર સર્વિસ બંધ કરવાનો વારો આવશે. નાના શહેરો વચ્ચેની આ સુવિધા હવાઈ સેવા તો ન કહેવાય પણ હવાઈ બિઝનેસ જરૂર છે. નેપાળમાં એરલાઈન્સ ઓછી છે પરંતુ ૪૦૦-૫૦૦ કિલોમીટરના અંતરનું ભાડું ૧૨૦૦ થી ૧૫૦૦ રૂપિયા નક્કી કરવામાં આવેલું છે. ગુજરાતમાં ૧૦૦૦ કરતાં ઓછું ભાડુ હશે તો મધ્યમવર્ગ ટચૂકડાં વિમાનોમાં આસાનીથી સફર કરી શકશે...

**ડિઝલ સસ્તુ થયું, ચીજવસ્તુ કેમ નહી ...**

ડિઝલના ભાવ અને લોકોના જીવનધોરણ વચ્ચે ભાવ વધ-ઘટનો નાતો છે. જયારે ડિઝલના ભાવ વધે ત્યારે ટ્રાન્સપોર્ટેશન મોંઘું બન્યું છે તેવી કાગારોળમાં વેપારીઓ અને ઉત્પાદકો માલસામાનના ભાવમાં વિક્રમી વધારો કરતાં ખચકાતા નથી, પરંતુ આ જ ડિઝલના ભાવમાં જયારે ઘટાડો થાય છે ત્યારે ચીજવસ્તુઓના ભાવમાં કોઈ ઘટાડો થતો નથી. ઈન્કમટેકસ, સર્વિસ ટેકસ ની જેમ પેટ્રો પ્રોડકટ્સના ભાવની અસર એકમાત્ર છેલ્લા ગ્રાહક ઉપર પડતી હોય છે. સરકારે એવું કોઈ મિકેનિઝમ ગોઠવવાની જરૂર છે કે જયારે પેટ્રો પ્રોડકટસના ભાવ ઘટે એટલે ચીજવસ્તુના ભાવ આપોઆપ નીચા આવી જાય. જો કે આનો એકમાત્ર ઉપાય આપણી અદાલતો છે...

**પુસ્તક લખવાની ફેશન પૂરજોશમાં ...**

નામાંકિત લોકો પુસ્તકો લખવા કેમ પ્રેરાય છે તે સમજવા જેવું છે. જેમને ફિલ્ડમાં અન્યાય થયો છે તેવા મહાનુભાવો તેમના પુસ્તકમાં બિન્દાસ ઉભરો ઠાલવે છે. કેટલાક સેલિબ્રિટી ફેમસ થવા વિવાદ ઉભા કરે છે, તો કેટલાક મહાનુભાવો જીવનનો નિચોડ વ્યક્ત કરે છે. હવે તો ઓટો બાયોગ્રાફી, કોફી ટેબલ બુક જેવા લોભામણાં નામ રાખવામાં આવે છે. સરકારી ઓફિસર નિવૃત્તિ પછી, રાજકીય નેતા સત્તા છીનવાઇ ગયા પછી, ક્રિકેટર નિવૃત્તી પછી તેમજ ફિલ્મ કલાકાર જયારે નવરા હોય, કોઈ નવી ફિલ્મ સાઈન ન થતી હોય ત્યારે પુસ્તક લખવા પ્રેરાય છે. ગુજરાતમાં બહુ ઓછા રાજકારણીઓ છે કે જેમણે ખુદ તેમના પુસ્તક લખ્યા છે. પૂર્વ ચીફ મિનિસ્ટરની વાત કરીએ તો કેશુભાઇ પટેલ, શંકરસિંહ વાઘેલા કે ચીમનભાઇ પટેલના પુસ્તકો બીજા મારફતે લખાયા છે, એકમાત્ર મોદીએ સ્વાનુભવના પુસ્તકો જાતે લખ્યા છે...

**રાજ્ય સરકારનો વાયબ્રન્ટ રોડ શો ...**

વાયબ્રન્ટ ગુજરાતનો રોડ શો આખા દેશમાં યોજવામાં આવી રહ્યો છે. દેશના પ્રમુખ મેટ્રોસિટીમાં ગુજરાત સરકારના પ્રધાનો અને ઓફિસરો પહોંચી રહ્યાં છે. દિલ્હી, લખનૌ અને બેંગ્લોરમાં રોડ શો થઈ ચૂક્યાં છે. ઉદ્યોગ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે હવે ૧૩મી નવેમ્બરે ચેન્નાઈમાં ફાયનાન્સ મિનિસ્ટર સૌરભ પટેલ અને ૧૭મી નવેમ્બરે ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ મુંબઈમાં રોડ શો કરશે. ત્યારબાદ ગૌહત્તીમાં નિતીન પટેલ, ભૂવનેશ્વરમાં રમણ વોરા, હૈદરાબાદમાં ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, કોલકત્તામાં નિતીન પટેલ, ઈન્દોરમાં બાબુ બોખિરીયા રોડ શો કરવાના છે. આ બધાં રોડ શો નવેમ્બરમાં યોજાવાના છે. જયપુરમાં ગણપત વસાવા રોડ શો કરવાના હતા પરંતુ હવે તેઓ વિધાનસભાના અધ્યક્ષ તરીકે પસંદ થયા હોઈ તેમના સ્થાને બીજા કોઈ પ્રધાન જયપુર જશે...

**પોલીસ ઓફિસરોના પ્રમોશન થશે ...**

ઘણાં લાંબા સમયથી પેન્ડીગ રહેલા પોલીસ ઓફિસરોના પ્રમોશનની નોબત આવે તેવી સંભાવના છે. ૨૫થી વધારે ઉચ્ચ પોલીસ અધિકારીઓના પ્રમોશનની ફાઈલ ડ્યુ છે જેમાં સિલેકશન ગ્રેડ સહિત આઈજી, ડીઆઈજી લેવલના પ્રમોશન છે. પ્રમોશનના પગલે રાજયના હોમ ડિપાર્ટમેન્ટમાં ફરી એકવાર રીસફલ થવાના ચાન્સિસ જોવા મળે છે. શહેરોના પોલીસ કમિશનરો, જિલ્લાના પોલીસ સુપ્રિટેન્ડેન્ટ્સ તેમજ પોલીસ ભવનના ઓફિસરોની બદલી તોળાઈ રહી છે. હોમ ડિપાર્ટમેન્ટના તત્કાલિન એસીએસ ડો. એસ. કે. નંદાએ ફાઈલ તૈયાર કરી છે અને હવે નવા એસીએસ પદે જી. આર. અલોરિયા આવ્યા પછી પ્રથમવાર આ ફેરફારો થવા સંભવ છે.

**આનંદીબેનની કેબિનેટનો વિસ્તાર ...**

ચીફ મિનિસ્ટર બન્યા પછી પ્રથમવાર આનંદીબેન પટેલ તેમના કેબિનેટનો વિસ્તાર કરવા જઈ રહ્યાં છે, સાથે સાથે તેઓ બોર્ડ-કોર્પોરેશનમાં ચેરમેન તેમજ ડિરેકટરોની નિયુક્તિ કરવાના મૂડમાં છે. આ નિમણૂકો માટે પાર્ટીનું દબાણ પણ છે. વિસ્તરણમાં ક્યા ધારાસભ્યને પ્રધાન બનાવવા તેની પ્રાથમિક યાદી તૈયાર કરી દેવામાં આવી છે આ યાદી પ્રમાણે મંગુભાઈ પટેલ અને વિજય રૂપાણી એમ બે નામ તો નક્કી છે. એ ઉપરાંત બીજા પાંચ જેટલા બીજા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાત ભાજપમાં અત્યારે ઉત્તેજનાનો માહોલ પ્રવર્તી રહ્યો છે, કારણ કે નવી નિમણૂકોનો તખ્તો ઘડાયો છે અને તે નિશ્ચિત માનવામાં આવે છે. સ્વર્ણિમ સંકુલ-૧ માં કેબિનેટ પ્રધાનો અને સ્વર્ણિમ સંકુલ-૨ માં? રાજયકક્ષાના પ્રધાનો બેસે છે, જેમાં ઘણી ચેમ્બરો ખાલી પડેલી છે જે વાયબ્રન્ટ સમિટ પહેલાં ભરાઈ જશે...